પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૭ | ૨૯ માર્ચ, ૨૦૧૭, બુધવાર ; ચૈત્ર સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ભારતે શ્રેણી જીતી ઈતિહાસ સર્જયો

## ધર્મશાળા ખાતે અંતિમ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયા પર ભારતની આઠ વિકેટે ભવ્ય જીત મેળવી ૨-૧થી શ્રેણી જીતી : રાહુલ ૫૧ રન બનાવીને અણનમ રહ્યો : કેપ્ટન રહાણેની સવારમાં ખુબ જ આક્રમક બેટિંગ







ધર્મશાળા,તા. ૨૮

ધર્મશાળાના હિમાચલપ્રદેશ ક્રિકેટ એસોસિએશન મેદાન ખાતે આજે ચોથી અને અંતિમ ટેસ્ટ મેચના ચોછા દિવસે ભારતે પ્રવાસી ઓસ્ટ્રેલિયા પર આઠ વિકેટે જીત મેળવી હતી. આની સાથે જ ઈતિહાસ સર્જીને ભારતે આ શ્રેણી એક શુન્યથી પાછળ રહ્યા બાદ ૨-૧થી જીતી લીધી હતી. જીતવા માટેના ૧૦૬ રન ભારતે ૨૩.૫ ઓવરમાં બે વિકેટ ગુમાવીને બનાવી લીધા હતા. ભારત તરફથી રાહુલ ૫૧ રન બનાવીને નોટ આઉઠ રહ્યોહતો. જ્યારે કેપ્ટન રહાણેએ ઝડપથી ૩૮ રન બનાવીને પોતાની ટીમને લંચ પહેલા જ જીત અપાવી હતી. ભારતે બે વિકેટ ગુમાવી હતી. જેમાં વિજય આઠ રન કરીને આઉટ થયો હતો. પુજારા શુન્યમાં આઉટ થયો હતો. ભારતે ચોથા દિવસે જ સ્થિતી જીતવા માટેની

● અનુસંધાન પાન-૭ પર

# આજે જીએસટી બિલ પર લોકસભામાં ચર્ચા

નવી દિલ્હી, તા. ૨૮

નાણામંત્રી અરુણ જેટલીએ આજે લોકસભામાં જીએસટી સાથે સંબંધિત બિલો રજૂ કરી દીધા હતા. જીએસટી સાથે સંબંધિત ચાર બિલ રજૂ કરવામાં આવ્યા બાદ હવે આવતીકાલે બુધવારના દિવસે તેમના ઉપર ચર્ચા હાથ ધરવામાં આવનાર છે. લોકસભામાં જે બિલ રજૂ કરવામાં આવ્યા છે તેમાં સેન્ટ્રલ જીએસટી, ઈન્ટેગ્રેટેડ જીએસટી, યુનિયન ટેરેટરી જીએસટી, કમ્પેનસેશન લોનો સમાવેશ થાય છે. નાણામંત્રી અરુણ જેટલીએ જીએસટી બિલના સંદર્ભમાં પાર્ટીના સાંસદોને તમામ માહિતી આપી હતી અને કહ્યું હતું કે, આ બિલ સાર્વભૌમત્વના સિદ્ધાંત ઉપર આધારિત છે. સંસદીય બાબતોના મંત્રી અનંતકુમારે માહિતી આપતા કહ્યું હતું કે, જીએસટી કાઉન્સિલમાં વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવ્યા બાદ મુસદ્દો તૈયાર કરી લેવાયો છે. જીએસટી કાઉન્સિલ તમામ રાજ્યોને આવરી લઈને બનાવવામાં આવી છે. નાણામંત્રી અરુણ જેટલીએ તમામ મુદ્દા

# મકાન ભાડા અને જમીન લીઝ પર જીએસટી લાગશે

## નિર્માણ હેઠળની ઇમારતની EMI પર જીએસટી રહેશે : હજુ સુધી આના ઉપર સર્વિસ ટેક્સની વ્યવસ્થા હતી

## જમીન અને ઇમારતના વેચાણ તથા ઇલેક્ટ્રીસિટી જીએસટી સમીક્ષાની હદથી બહાર રાખવાનો નિર્ણય

નવી દિલ્હી,તા. ૨૮

મકાનના ભાડા અને જમીનના લીઝ ઉપર હવે જીએસટી લાગૂ થશે. પહેલી જુલાઈથી આને અમલી કરવામાં આવનાર છે. જમીન લીઝ ઉપર જે લોકોએ આપી છે અથવા તો ઈમારત ભાડા ઉપર આપી છે તે લોકોને પહેલી જુલાઈથી તેના પર મળનારી રકમ ઉપર હવે ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ ચુકવવા માટેની ફરજ પડશે. એટલું જ નહીં નિર્માણ હેઠળ રહેલી ઈમારતની ઈએમઆઈ ઉપર પણ જીએસટી લાગૂ થશે. હજુ સુધી આના ઉપર સર્વિસ ટેક્સ લાગૂ કરવામાં આવી રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર પહેલી જુલાઈથી જીએસટીને અમલી કરવાની તૈયારીમાં છે. આની તમામ જોગવાઈઓ ઉપર સહમતી બની ચુકી છે. કઈ ચીજોને કયા સ્લેબમાં રાખવામાં આવી છે તેના ઉપર વાતચીત ચાલી રહી છે. અલબત્ત જમીન અને ઈમારતમાં વેચાણને જીએસટીની હદથી બહાર રાખવામાં આવશે. નાણામંત્રી અરુણ જેટલીએ આજે લોકસભામાં રજૂ કરેલા જીએસટી સાથે સંબંધિત પુરક બિલને લઈને માહિતી આપી હતી. જીએસટી સાથે સંબંધિત પુરક બિલ મુજબ આ ટ્રાન્ઝેક્શન ઉપર પહેલાની જેમ સ્ટેમ્પ ડ્યુટી લાગૂ થશે. આ ઉપરાંત વિજળીને પણ જીએસટીની બહાર રાખવામાં આવશે. પહેલી જુલાઈ ૨૦૧૭થી અમલી કરવામાં આવનાર જીએસટીમાં સેન્ટ્રલ

● અનુસંધાન પાન-૭ પર



# રાજ્યભરમાં હિટવેવ

## અમરેલીમાં મહત્તમ તાપમાન ૪૩.૨ પહોંચ્યું : અમદાવાદ, ડિસા, ગાંધીનગર, સુરેન્દ્રનગર અને મહુવા સહિતના વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૨થી ઉપર : ગરમીના પ્રકોપથી જનજીવન સંપૂર્ણ ખોરવાયું

અમદાવાદ, તા.૨૮

અમદાવાદ સહિત રાજ્યભરમાં હિટવેવની ચેતવણી યથાવત રાખવામાં આવી છે. આગામી બે દિવસ સુધી હિટવેવ રહે તેવી શક્યતા હવામાન વિભાગ તરફથી વ્યક્ત કરવામાં આવી છે જેના પરિણામ સ્વરુપે લોકોને તીવ્ર ગરમીનો અનુભવ કરવો પડે તેવી શક્યતા દેખાઈ રહી છે. આજે પણ અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨થી ઉપર રહ્યું હતું. પારો અમદાવાદમાં આજે ૪૨.૪ રહ્યો હતો. જો કે, અમરેલીમાં પારો ૪૩.૨ સુધી પહોંચી ગયો હતો. મહત્તમ તાપમાનમાં હજુ પણ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. જે વિસ્તારમાં પારો ૪૨થી ઉપર પહોંચ્યો છે તેમાં ડિસામાં ૪૨.૪, ગાંધીનગરમાં ૪૨, વડોદરામાં ૪૨.૭, અમરેલીમાં ૪૩.૨, સુરેન્દ્રનગરમાં ૪૨.૮, મહુવામાં ૪૨.૪નો સમાવેશ થાય છે. રાજ્યના અન્ય ભાગોમાં પણ તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. સૌરાષ્ટ્રના કચ્છમાં લોકો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. પાણીજન્ય રોગના કેસોમાં વધારો થવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. તંત્ર દ્વારા વિવિધ પગલાં લેવાઈ રહ્યા હોવા છતાં પાણીજન્ય રોગના કેસો વધી રહ્યા છે. બીજી બાજુ હિટવેવની ચેતવણી પણ હવામાન વિભાગ તરફથી જારી કરવામાં આવી છે જેથી

● અનુસંધાન પાન-૭ પર



# દેશભરમાં ભીષણ ગરમી પડશે

## માર્ચથી મે મહિના વચ્ચે લુની લહેર જોવા મળશે

## દસ દિવસમાં તાપમાનમાં ૧૩ ડિગ્રીનો વધારો

નવી દિલ્હી,તા. ૨૮

દેશમાં આ વખતે રેકોર્ડ ગરમી પડી શકે છે. ઉત્તર ભારતમાં ભીષણ ગરમીની સાથે સાથે લુ ફુંકાવવાની શક્યતા છે. આની શરૂઆત થઈ ચુકી છે. દેશના કેટલાક ભાગોમાં તો ત્યારથી જ પારો રેકોર્ડ ઉંચી સપાટી પર પહોંચી ગયો છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હી અને આસપાસના વિસ્તારો, મુંબઈ અને અમદાવાદમાં જોરદાર ગરમી પડી રહી છે. હવામાન વિભાગ દ્રા સમગ્ર દેશમાં સરેરાશ કરતા વધારે તાપમાન રહેવાની શક્યતા વ્યક્ત કરી છે. વિભાગના કહેવા મુજબ માર્ચથી મે વચ્ચેના ગાળામાં કેટલાક રાજ્યોમાં તો લુ ફુંકાશે. બીજી બાજુ દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં તાપમાન રેકોર્ડ તોડી શકે છે. દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા ૧૦ દિવસના ગાળામાં જ તાપમાનમાં ૧૩ ડિગ્રી સુધીનો વધારો થયો છે. અમદાવાદમાં તો ગરમીને ધ્યાનમાં લઈને યેલો કાર્ડ જારી કરી દેવાતા લોકો સાવધાન થયા છે. હવામાન વિભાગ દ્વારા કહેવાંમાં આવ્યુ છે કે દેશના ઉત્તરપશ્ચિમ વિસ્તારમાં ગરમીની સૌથી વધારે અસર જોવા મળી શકે છે. જ્યાં તાપમાન સામાન્ય કરતા વધારે રહી શકે છે. હવામાન વિભાગના કહેવા મુજબ જે વિસ્તારમાં સામાન્ય કરતા વધારે તાપમાન રહે છે તે કોર હિટવેટ ઝોનમાં આવે છે. એટલે કે ત્યાં વધારે ગરમ પવન ફુંકાય છે. કોર હિટવેવ ઝોનમાં જે રાજ્યો આવે છે તેમાં પંજાબ, હિમાચલપ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, ગુજરાત, મધ્યપ્રદેશ અને છત્તિસગઢનો સમાવેશ થાય છે. તીવ્ર હિટવેવની ચેતવણી વચ્ચે ગુજરાતમાં ગરમીનો પ્રકોપ શરૂ થઈ ચુક્યો છે.ગઈકાલે સોમવારે મહત્તમ તાપમાનમાં એકાએક તીવ્ર વધારો નોંધાતા લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ગઈકાલે સોમવારે અમદાવાદમાં મહત્તમ તાપમાન વધીને ૪૨.૮ ડિગ્રી સુધી પહોંચ્યું હતું. જ્યારે રાજ્યના અનેક ભાગોમાં તો પારો ૪૩ થી પણ ઉપર પહોંચી ગયો છે. રાજ્યના જે ભાગોમાં પારો ૪૩ ડિગ્રીથી પણ ઉપર પહોંચ્યો છે તેમાં ડીસા, ગાંધીનગર, અમરેલી, સુરેન્દ્રનગરનો સમાવેશ

# શિવસેના સાંસદ ગાયકવાડની વિમાની ટિકિટ ફરીથી કેન્સલ

## સંસદમાં મુદ્દો ઉઠ્યો હોવા છતાં એરઇન્ડિયા હળવું વલણ અપનાવવા તૈયાર નથી : ખેંચતાણ વધુ વધવાના એંધાણ

નવીદિલ્હી, તા. ૨૮

એર ઈન્ડિયાના કર્મચારીઓને માર મારવાના મામલામાં ઘેરાયેલા શિવસેના સાંસદ રવિન્દ્ર ગાયકવાડની મુશ્કેલી હજુ ઓછી થઈ રહી નથી. સંસદમાં મુદ્દો ઉઠાવ્યો હોવા છતાં એરઈન્ડિયા તેમને લઈને હળવું વલણ અપનાવવા માટે તૈયાર નથી. એર ઈન્ડિયાએ સાંસદ દ્વારા મુંબઈથી નવી દિલ્હી જવા માટે બુક કરવામાં આવેલી ટિકિટને આજે ફરીથી રદ કરી દીધી હતી. સાંસદની ટિકિટ બીજી વખત રદ કરવામાં આવી છે. આને લઈને આવનાર સમયમાં સંઘર્ષ વધે તેવા સંકેત છે. રવિન્દ્ર ગાયકવાડની સામે એર ઈન્ડિયા સહિત સાત એરલાઈન્સ કંપની પગલા લઈને વિમાની યાત્રા ઉપર પ્રતિબંધ મુકી દીધો છે. ૫૬ વર્ષીય ગાયકવાડ મહારાષ્ટ્રના ઉસ્માનાબાદના શિવસેના સાંસદ છે. પોતાના ચપ્પલબાજ સાંસદની તરફેણમાં શિવસેના દ્વારા સોમવારના દિવસે પણ સંસદમાં હોબાળો મચાવવામાં આવ્યો હતો. શિવસેનાના કાર્યકરો તેમની તરફેણ કરી રહ્યા છે.

આ સંદર્ભમાં મહારાષ્ટ્રના અમરાવતીના સાંસદ આનંદ રાવ અડસુલે ગાયકવાડની તરફેણમાં ગયા દિવસોમાં વિમાનમાં કોમેડિયન કપિલ શર્માના મુદ્દાની વાત કરી હતી અને કહ્યું હતું કે, કપિલ શર્મા પર એરલાઈન્સ દ્વારા કોઈ પ્રતિબંધ મુકવામાં આવ્યો નથી જેથી ગાયકવાડ ઉપર પ્રતિબંધ લાદવો જોઈએ નહીં. ગાયકવાડના વિમાની પ્રવાસના પ્રતિબંધના મુદ્દે લોકસભામાં આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો.

શિવ સેના અધ્યક્ષે પાર્ટી સચિવ અને રાજ્યસભાના સાંસદ અનિલ દેસાઈને ગાયકવાડ મામલે ઉંડી તપાસ કરવા માટે કહેવામાં આવ્યુ છે. એક પાર્ટી કાર્યકરે વિગત આપતા કહ્યુ છે કે જે દેસાઈ ઉદ્ધવ ઠાકરેને ઘટના અંગે પુરતી માહિતી આપશે ત્યારે ગાયકવાડને માતોશ્રી ખાતે બોલાવવામાં આવશે.


## ન્યુઝ ટ્રેક

### કાશ્મીરના બડગામમાં ૧૧ કલાક સામ સામે ગોળીબાર



કાશ્મીરના બડગામમાં સતત ૧૧ કલાક ચાલેલા એન્કાઉન્ટર બાદ જવાનોએ એક આતંકીને ઠાર કર્યો છે. બે સ્થાનિક નાગરિકોનું પણ મોત નીપજ્યુ હતુ. હજુ એક આતંકી ફરાર છે.

### પરણીતી ચોપરાએ ગાયેલુ ગીત રીલીઝ



યશરાજની ૧૨મી મેના રોજ રીલીઝ થનારી 'મેરી પ્યારી બિંદુ'નું પ્રથમ ગીત 'માના કે હમ યાર નહી' આજે રીલીઝ કરવામાં આવ્યુ હતુ. પરણીતી ચોપરાએ આ ગીતને ખુબ સુંદર રીતે ગાયુ છે.

### સાંસદ પપ્પુ યાદવની ધરપકડ



બિહારના મધેપુરાના સાંસદ પપ્પુ યાદવની પોલીસે ગઈરાત્રે ધરપકડ કરી છે. બે મહિના પહેલાં પટનાના ગાંધી મેદાન પોલીસ સ્ટેશન બહાર પ્રદર્શન દરમ્યાન પોલીસ સાથે ઝપાઝપી પ્રકરણે તેમની ધરપકડ થઈ છે. ૫૦૦ પોલીસ કર્મીઓએ તેમના નીવાસસસ્થાનને ઘેરી લીધુ હતુ.

### ટ્રમ્પે મોદીને અભિનંદન આપ્યા



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે ફોન કરીને વડાપ્રધાન મોદીને વિધાનસભાની ચૂંટણીઓમાં ભારે જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા.

### અખિલેશ યાદવ સપા વિધાનમંડળના નેતા

ઉત્તરપ્રદેશ વિધાનસભામાં સમાજવાદી પક્ષના નેતા તરીકે અખિલેશ યાદવની સર્વાનુમતે વરણી કરાઈ છે. રાજ્યના બંને ગૃહોના સભ્યોની મળેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

### યુપી સચિવાલયમાં આગ લાગતા ભાગદોડ



ઉત્તરપ્રદેશના લખનૌ સ્થિત સચિવાલયમાં આજે બપોરે ભીષણ આગ ફાટી નિકળી હતી. જેના કારણે તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. બાપુભવનમાં બીજા માળે આગ ફાટી નિકળી હતી. ખુબ જ ઝડપથી સમગ્ર ઈમારતને ખાલી કરાવી લેવામાં આવી હતી. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. જે સમયે આ ઈમારતમાં લાગી હતી ત્યારે સરકારના અનેક પ્રધાનો હાજર હતા. તમામને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા હતા.







